**અમદાવાદના મહે. ચોથા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર – 9119/2024**

**આંક:–**

ફરીયાદ:– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી:–

બાબત :– ધી સીગરેટ એન્ડ તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ ની કલમ– ૭, ૮, ૨૦

---

**//ચુ કા દો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ધી સીગરેટ એન્ડ તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ ની કલમ– ૭, ૮, ૨૦ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(1) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ધી સીગરેટ એન્ડ તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ ની કલમ– ૭, ૮, ૨૦ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૦૦૦ /– ( શબ્દોમા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – 02 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૨ મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એસ.પી.ચોપરા)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
U.I.CODE GJ 01377

તારીખ:– ૨૨ /૦૬ /૨૦૨૪
સ્થળ:– અમદાવાદ(ગ્રામ્ય)